લગ્નસરામાં કાપડ વેપારમાં 1.12 લાખ કરોડ ઠલવાશે

નવેમ્બર-ડિસેમ્બરમાં દેશભરમાં 52 લાખ લગ્ન સમારોહ યોજાવાનો અંદાજ

વિવર્સને ભાવ તોડીને ગ્રે કાપડ વેચવાની જરૂર નથી, કોસ્ટિંગ અને નફા સાથે વેચાણ કરવા અપીલ

સુરતઃ દિવાળી બાદ હવે લગ્નસરાની સિઝનથી ટેક્સટાઇલ ઉદ્યોગમાં મોટા વેપારની આશા જાગી છે. નવેમ્બર અને ડિસેમ્બર-2026 દરમિયાન દેશભરમાં અંદાજે 52 લાખ લગ્ન સમારોહ યોજાવાના છે. આ લગ્નસરાની સિઝનમાં રૂ.7.5 લાખ કરોડનો કુલ વેપાર થવાનો અંદાજ છે, જેમાં આશરે 15 ટકા હિસ્સો ટેક્સટાઇલ ઉદ્યોગનો રહેવાની ધારણા છે. આ ગણતરી પ્રમાણે બે મહિનામાં દેશભરમાં રૂ.1.12 લાખ કરોડનો કાપડનો વેપાર થઈ શકે છે.

ચેમ્બર ઓફ કોમર્સની ટેક્સટાઇલ ટાસ્ક કમિટીના ચેરમેન અને પાંડેસરા વિવર્સ સોસાયટીના પ્રમુખ આશિષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, દિવાળીની બે મહિનાની સિઝનમાં દેશમાં રૂ.7 લાખ કરોડનો બિઝનેસ થયો હતો. તેમાં 15 ટકા એટલે કે અંદાજે રૂ.1 લાખ કરોડનો વેપાર ટેક્સટાઇલ ક્ષેત્રનો રહ્યો હતો. આ કાપડના વેપારમાં સુરતનો હિસ્સો આશરે 15 ટકા રહ્યો હતો. દિવાળી પહેલાંના બે મહિનામાં સુરતમાં રૂ.11,000 કરોડનાં વાહનોનું વેચાણ થયું હતું, જેના થકી સરકારને પણ નોંધપાત્ર ટેક્સ આવક મળી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લગ્નસરાની મજબૂત ડિમાન્ડને કારણે વિવિંગ ઉદ્યોગને સારો બિઝનેસ મળવાની શક્યતા છે. વેપારીઓ વિવર્સ પાસેથી મોટી માત્રામાં કાપડ ખરીદવા આવશે અને પેમેન્ટની સમસ્યા પણ નહીં રહે.

આ સંજોગોમાં વિવર્સે ભાવ તોડીને ગ્રે કાપડ વેચવાની જરૂર નથી. ક્રૂડ, ટેક્સટાઇલ રો-મટિરિયલ અને યાર્નના ભાવમાં વધઘટ થતી રહેવાની હોવાથી દરેક વિવરે પોતાના ઉત્પાદન ખર્ચની ગણતરી કરીને યોગ્ય નફા સાથે જ ગ્રે કાપડનું વેચાણ કરવું જોઈએ, તેવી સલાહ તેમણે આપી હતી.

લાલજી મહારાજનો શાહી વરઘોડો તુલસી વિવાહ સંપન્ન



(તસવીર : સતીષ જાદવ)

■ સુરતઃ દેવઊઠી અગિયારસ ના પવિત્ર પર્વ નિમિત્તે શનિવારે સુરત શહેરમાં ભક્તિ અને આસ્થાનો માહોલ જોવા મળ્યો હતો. અંબાજી રોડ સ્થિત અતિ પ્રાચીન અને ઐતિહાસિક જૂના અંબાજી માતાજીના મંદિરે તુલસી વિવાહ મહોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભગવાન શ્રી કૃષ્ણ (લાલજી મહારાજ)નો રાજવી ઠાઠ માઠ સાથે શાહી વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

તોડકાંડમાં ભાજપ પ્રમુખની નોટિસની ઉગ્રતાથી વિવાદ

પત્રકાર પરિષદમાં પ્રશ્ન પુછાતા શહેર પ્રમુખ પરેશ પટેલે પ્રસારણ કરનાર મીડિયાને ચિમકી આપી

શિસ્તબદ્ધ ભાજપમાં શિસ્તનાં લીરેલીરા ઉડવા છતાં કાર્યવાહીના નામે મીંડું

પ્રસારણ કરનારને નોટિસ મળી જશે તેવી ઉગ્રતા દાખવનાર શહેર પ્રમુખ કદાચ ભૂલી ગયા કે મીડિયાના અહેવાલો કથિત વહીવટ કૌભાંડ અંગે નહોતા, પરંતુ ભાજપના જ કથિત ગ્રુપમાં ભાજપના નેતાઓ દ્વારા થયેલા આક્ષેપો અને પાર્ટીની શિસ્તના લીરા ઊડી જવા બાબતે હતા. છેલ્લા ઘણા સમયથી ખજાનચી શૈલેષ જરીવાલા સાથેના લાફા પ્રકરણ બાદના કોઈપણ વિવાદમાં સંગઠને કાર્યવાહી કરી શક્યું નથી. સુરત ઉત્તરના ધારાસભ્યની ઓફિસમાં કોર્પોરેટર અને વોર્ડ પ્રમુખ વચ્ચે થયેલી કથિત મારામારી સહિતની ઘટનાઓમાં પણ કોઈ પગલાં લેવાયાં નથી ત્યારે આ તોડકાંડના આક્ષેપોએ ભાજપની ઈમેજની ધૂળધાણી કરી છે

સુરતઃ શહેરના વોર્ડ નં.27માં કૈલાસ બંગ્લોઝ પ્રોજેક્ટના બાંધકામ માટે 19 લાખના વહીવટ થયા હોવાના સનસનાટીભર્યા આક્ષેપો સાથે વોટ્સએપ ચેટ વાયરલ થઈ છે. આ ચેટમાં પૂર્વ જાહેર બાંધકામ સમિતિ ચેરમેન ભાઈદાસ પાટીલ અને વોર્ડના કાર્યકર મનીષ નાયક વચ્ચે વાતચીત થયાના આક્ષેપો કરવામાં આવ્યા છે. આક્ષેપો મુજબ કોર્પોરેટરોને બે-બે લાખ મળ્યા હોવાની તેમજ ધારાસભ્યના નામે પણ નાણાં લેવાયાની ચર્ચા છે. તેમજ તાજેતરમાં તિરુપતિના દર્શને ગયેલા એક પદાધિકારીને ટાર્ગેટ કરવા પણ પ્રયાસ કરાયો છે. આ ઘટનાએ શિસ્તબદ્ધ મનાતી ભાજપની શિસ્તના લીરા ઉડાડી દીધા છે. આમ છતાં શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ દ્વારા હજુ કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતા આશ્ચર્ય ફેલાયું છે. આ મુદ્દે જ્યારે મીડિયા દ્વારા સવાલો કરવામાં આવતાં શહેર ભાજપ પ્રમુખે પાર્ટીની શિસ્તની ચિંતા કરવાને બદલે આ વાત ખોટી છે અને 'જે મીડિયાએ પ્રસારણ કર્યું છે તેને નોટિસ મોકલી દેવાઈ છે, જવાબ લખાવી જજો' તેવી ઉગ્રતા બતાવતા આ વિવાદમાં વધુ વકર્યો છે.

શનિવારે ભાજપના પ્રદેશ ઉપપ્રમુખ ગૌતમ ગેડિયાની પત્રકાર પરિષદ દરમિયાન શહેર ભાજપ પ્રમુખને વોર્ડ-27ના વિવાદી પ્રકરણ અંગે શું કાર્યવાહી થઈ તેવો સવાલ પૂછવામાં આવ્યો હતો. જવાબમાં શહેર પ્રમુખ પરેશ પટેલે ઘટના અંગે કોઈ સ્પષ્ટતા કરવાને બદલે કહ્યું કે જે-જે મીડિયામાં આવ્યું છે તેને નોટિસ મોકલી દેવાઈ છે અને "જવાબ આપવા આવી જજો" કહીને મીડિયાને ચીમકી આપી હતી. તેમણે વધુમાં કહ્યું કે, કાલે કોઈ મારા નામે ઉઘરાણાની વાત કરશે તો ખરાઈ વગર મીડિયામાં ચલાવી દેશો?

નોકરી ન મળતાં ભીમરાડની મહિલાનો આપઘાત

સુરતઃ ભીમરાડ વિસ્તારમાં રહેતી 39 વર્ષીય સારિકા પટેલે વહેલી સવારે ઘરમાં જ ફાંસો ખાઈ લીધો હતો. સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાતાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. પતિ સાથે અણબનાવ બાદ પિયરમાં રહેતી સારિકા છેલ્લા એક વર્ષથી બેરોજગાર હતી અને નોકરી ન મળવાના માનસિક તણાવમાં આ પગલું ભર્યું હોવાનું પરિવારે જણાવ્યું છે. આ મામલે અલથાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાંક સમયથી શહેરમાં નાની નાની બાબતોમાં આત્મહત્યાના કિસ્સા વધી રહ્યાં છે. જેના પર પ્રબુદ્ધ નાગરિકોએ મંથન કરવું જરૂરી બન્યું છે.

સંક્ષિપ્ત સમાચાર

વેસુમાં નવ દિવસીય શ્રીરામ કથાનું સમાપન



સુરત: વેસુ સ્થિત દેવસર માતા મંદિર હોલ, મેહંદીપુર બાલાજી મંદિર પાસે 13થી 21 નવેમ્બર દરમિયાન આયોજિત નવ દિવસીય શ્રીરામ કથાનું શનિવારે ભગવાન શ્રીરામના રાજ્યાભિષેક અને પૂર્ણાહુતિ સાથે ભાવભીનું સમાપન થયું હતું. સંત શ્રી અખિલ દાસજી મહારાજના મુખારવિંદે યોજાયેલી આ કથામાં નવ દિવસ સુધી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ રામકથાનું રસપાન કર્યું હતું. કથાના સમાપન બાદ સાંજે ૭ વાગ્યાથી મહાપ્રસાદ અને ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ ધાર્મિક આયોજનનું સંચાલન અને આયોજન કિરણ દિલીપ ચૌધરી (મુરલીવાળા), નીલમ બલદેવરાજ બજાજ (જતિન બજાજ), અંજની વિજયકુમાર સિંઘાનિયા અને પ્રજ્ઞા કડાકિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

8મી એલાઇટ ડિવિઝન ટ્રોફીમાં આર.કે. સ્પોર્ટ્સ ચેમ્પિયન



સુરત : સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર આયોજિત 8મી એલાઇટ ડિવિઝન ટ્રોફી 2026-27ની ગઇકાલે રમાયેલી રોમાંચક ફાઇનલમાં આર.કે. સ્પોર્ટ્સે શાનદાર પ્રદર્શન કરીને વિજય મેળવ્યો હતો. ફાઇનલ મુકાબલામાં બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. આર.કે. સ્પોર્ટ્સના ખેલાડીઓએ બેટિંગ અને બોલિંગમાં સંયમિત રમત રમીને ટ્રોફી પોતાના નામે કરી હતી.

જીવનભારતીના ચેરમેન તરીકે ડો. પ્રજ્ઞેશ જોષીની વરણી



સુરત શહેર અને સમગ્ર ગુજરાત માં શ્રેષ્ઠ શિક્ષણ માટે વિખ્યાત એવી જીવનભારતી શાળા ના અધ્યક્ષ (ચેરમેન) તરીકે ડો પ્રજ્ઞેશ જોષી ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેઓશ્રી આ ઉપરાંત શેઠ પી ટી સુરત જનરલ હોસ્પિટલ તથા શેઠ પી ટી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ માં માનદ મંત્રી તરીકે અને ઇન્ડિયન મેડીકલ એસોસિએશન ની રાષ્ટ્રીય કાર્યકારિણી માં પોતાની સેવાઓ આપી રહ્યા છે.

મગદલ્લા ગામના વૃદ્ધે ફાંસો ખાઇ આપઘાત કરી લીધો

લાંબા સમયથી ચાલતી બીમારીથી કંટાળી ગયા હતા

સુરત: મગદલ્લા ગામમાં કમર, પગ સહિત શરીરના વિવિધ ભાગોમાં લાંબા સમયથી રહેતા અસહ્ય દુખાવાની બીમારીથી કંટાળીને વૃદ્ધે ઘરે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મગદલ્લા ગામના નિશાળ ફળિયામાં રહેતા 56 વર્ષીય નરેશભાઈ રતિલાલ પટેલ ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. ગત 12મીએ બપોરના સમયે નરેશભાઈએ પોતાના ઘરે દિવાલમાં લગાવેલા હુક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ પરિવારજનોને થતાં જ તેમને તાત્કાલિક નીચે ઉતારી સારવાર માટે પ્રથમ એક ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન શુક્રવારે રાત્રે તેમનું મોત નીપજ્યું હતું.

પરિવારજનોના જણાવ્યા મુજબ, નરેશભાઈ છેલ્લા એક વર્ષથી કમર, પગ સહિત શરીરના વિવિધ ભાગોમાં દુખાવાની બીમારીથી પીડાતા હતા અને તેમની દવા પણ ચાલુ હતી. લાંબા સમયથી ચાલતી બીમારી અને શારીરિક પીડાથી કંટાળીને તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક વિગતોમાં સામે આવ્યું છે.

ડુમસ સી ફેસમાં પ્રવેશ અને પાર્કિંગ ચાર્જને મંજૂરી

12 વર્ષ સુધીનાં બાળકો અને સિનિયર સિટિઝનોને ચાર્જમાંથી મુક્તિ મળશે

સુરતઃ ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ઝોન-૧) ખાતે હવે સહેલાણીઓએ પ્રવેશ અને પાર્કિંગ માટે ફી નક્કી કરતી દરખાસ્તને શાસકોએ લીલી ઝંડી આપી દીધી છે. પ્રોજેક્ટની શરૂઆત સાથે જ સુરતીઓ વીક એન્ડમાં હજારોની સંખ્યામાં ઊમટી પડે છે. ત્યારે ક્રાઉડને કંટ્રોલ કરવા તેમજ પ્રોજેક્ટમાં કરોડો રૂપિયા ખર્ચાયા હોવાથી નિભાવ ખર્ચનું ભારણ ઘટાડવા આ ફી નક્કી કરાઈ હોવાનું સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રોજેક્ટની જાળવણી, સુરક્ષા અને નિભાવ ખર્ચને પહોંચી વળવા ગોપી તળાવ અને સરથાણા નેચર પાર્કમાં પણ પ્રવેશ અને પાર્કિંગ માટે ફીના ધારાધોરણો નક્કી કરાયેલાં જ છે.

પ્રવેશ ફી (પ્રતિ દિન):

- » ૧૨ વર્ષથી વધુ ઉંમર: રૂ.૨૦
- » ૩થી ૧૨ વર્ષનાં બાળકો અને ૬૫+ વરિષ્ઠ નાગરિકો: રૂ.૧૦
- » 3 વર્ષ સુધીનાં બાળકો: નિ:શુલ્ક

પાર્કિંગ ચાર્જ (પ્રતિ દિન)

- » ટુ-વ્હીલર: રૂ.૧૦
- » થ્રી-વ્હીલર: રૂ.૨૫
- » ફોર-વ્હીલર: રૂ.૩૦
- » બસ / હેવી કોમર્શિયલ વાહન: રૂ.૯૦
- » ઈલેક્ટ્રિક વાહન (EV): નિ:શુલ્ક

વ્યારાના વીરપુર પાસે કપાસિયા તેલ ભરેલું ટેન્કર પલટી મારી ગયું

વ્યારા: વ્યારાના વિરપુર પાસે નેશનલ હાઈવે નં.53 પર 35 હજાર કિલો કપાસિયા તેલ ભરીને જઈ રહેલું ટેન્કર રોડની સાઈડમાં પલટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ ગત તા.17-11-2026ના રોજ રાત્રિના અરસામાં સોનગઢથી સુરત તરફ જતાં નેશનલ હાઈવે નં.53 પર વ્યારાના વિરપુર ગામની સીમમાં ટેન્કર નં.(GJ 18 BT 0336)ના ચાલક જસવંતસિંહ ગુરુચરણ સિંગે પોતાના કબજાના ટેન્કરને ગફલતભરી રીતે હંકારી ટેન્કરને રોડની બાજુમાં પલટાવી દીધું હતું. આ ઘટના બાદ ટેન્કર ચાલક ટેન્કરના માલિકને ફોન કરીને ઘટના અંગે જાણ કરી ઘટના સ્થળેથી નાસી ગયો હતો. ટેન્કરને 1 લાખથી વધુનું નુકસાન થતાં ટેન્કરના માલિકે વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સલાબતપુરામાં લેસ-પટ્ટીના વેપારી સાથે ઠગાઈ

સુરતઃ સલાબતપુરાના લેસ-પટ્ટીના વેપારી અનિલકુમાર જરીવાલા સાથે રૂ.૮૮,૦૦૦નું સાયબર ફ્રોડ થયું હતું. તેમણે આપેલો ચેક ૨૭ જુલાઈએ રિટર્ન થતાં બેંકમાં તપાસ કરાવી હતી, જેમાં ૨૪ જુલાઈએ તેમના બેંક ઓફ બરોડા ખાતામાંથી યુપીઆઈ મારફતે રૂ.૮૮,૦૦૦ ટ્રાન્સફર થયા હોવાનું ખૂલ્યું હતું. જાણ બહાર નાણાં ઉપડી જતાં તેમણે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર અરજી કર્યા બાદ સલાબતપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં ઓનલાઈન ઠગાઈના કિસ્સા રોજ બરોજ બની રહ્યાં છે. જેથી પોલીસ તપાસની સાથે સાથે લોકોએ પણ જાગૃત રહેવું પડશે. સૌથી ગંભીર બાબત તો એ છે કે, આ પ્રકારની રોજે રોજ સરેરાશ 10 ફરિયાદ નોંધાઈ છે. જ્યારે ખૂબ મોટી સંખ્યામાં તો ફરિયાદ નોંધાતી જ નથી.

વેસુ હેલ્થ સેન્ટરની લીફ્ટ ખોટકાતાં સગર્ભા અને 108ની ટીમ ફસાઈ

ફાયર જવાનોએ સાધનોની મદદથી દરવાજો ખોલી તમામનુ રેસ્કયુ કર્યુ



એક ગર્ભવતી મહિલા સહિત 108નો સ્ટાફ ફસાઈ ગયો હતો.

સુરતઃ શહેરના પોશ ગણાતા વેસુ વિસ્તારમાં આવેલા હેલ્થ સેન્ટરમાં આજે ટેકનિકલ ખામીના કારણે અચાનક લિફ્ટ ખોટકાઈ ગઈ હતી.

જેના કારણે લિફ્ટની અંદર ગર્ભવતી મહિલાને લઈ જતી લીફ્ટ બંધ પડતા હેલ્થ સેન્ટરના પરિસરમાં થોડા સમય માટે ભારે અફરાતફરી અને ચિંતાનો માહોલ સર્જાયો હતો. જોકે, તુંરત દોડી ગયેલી વેસુ ફાયર બ્રિગેડની ટીમે સમયસૂચકતા દાખવીને તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરતા તમામ લોકોનો આ બ ા દ બચાવ થયો હતો.

શહેરીજનોને લીફ્ટ મુદ્દે નોટીસ આપતી મનપાના હેલ્થ સેન્ટરની લીફ્ટ જ શંકાના દાયરામાં

એક બાજુ સુરત મનપાના ફાયર વિભાગ દ્વારા શહેરમાં ખખડધજ કે જોખમી લીફ્ટ તેમજ સમયસર મેઇન્ટેનેન્સ ન થતું હોય તેવી લીફ્ટ મુદ્દે નોટીસ પાઠવી શિક્ષાત્મક કાર્યવાહી કરે છે, ત્યારે બીજી બાજુ મનપાના જ હેલ્થ સેન્ટર જેવા સંવેદનશીલ સ્થળે જ લિફ્ટ ખોટકાવાની ઘટના બનતા તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. દર્દીઓ અને ખાસ કરીને ગર્ભવતી મહિલાઓની અવરજવર જ્યાં સતત રહેતી હોય છે, ત્યાં લિફ્ટના નિયમિત મેન્ટેનન્સ અને સુરક્ષા વ્યવસ્થા અંગે સ્થાનિકોમાં ચર્ચાઓ જાગી છે.

RTOમાં સિસ્ટમ ઠપ થતાં લાઇસન્સનું કામ ખોરવાયું

એકને બદલે 6-7 વખત OTPની ઝંઝટ, અરજદારોને ધક્કા

કેન્દ્રીય મંત્રાલય અને NICના ફેરફાર બાદ ઓનલાઇન પ્રક્રિયામાં અડચણ

સુરતઃ સુરત સહિત રાજ્યભરની RTO કચેરીઓમાં લાઇસન્સને લગતી કામગીરી ફરી અટકી પડી છે. કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન મંત્રાલય અને NIC દ્વારા સિસ્ટમમાં કરાયેલા સુધારા-વધારાને કારણે અરજદારો અને ઓનલાઇન કામ કરતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

સૌથી મોટી સમસ્યા લાઇસન્સ બેકલોગની છે. 2010 પહેલાના લાઇસન્સને બેકલોગમાં નાખવા માટેનું પોર્ટલ હાલ બંધ કરી દેવાયું છે, જેથી નવી અરજીઓ થઈ શકતી નથી. આ ઉપરાંત રાજ્યમાં એકસાથે ઉપર બદલીઓ થતાં બેકલોગની મંજૂરીમાં અટવાયેલી ફાઇલો પણ આગળ વધતી નથી.

બીજી તરફ લાઇસન્સની પ્રક્રિયામાં હવે એક OTPને બદલે છ થી સાત વખત OTP નાંખવા પડે છે. પહેલા જે કામ થોડી મિનિટોમાં પૂરું થતું હતું, તે હવે એક કલાક કે તેથી વધુ સમય લે છે. સર્વર ડાઉન હોય તો તો રાહ જોવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી.

લાઇસન્સ રિન્યુ, મોબાઇલ અપડેટ, મેડિકલ સર્ટિફિકેટ અપલોડ, ફોટો-સહી અપલોડ અને એપોઇન્ટમેન્ટ દરેક તબક્કે OTP માંગવામાં આવતા અરજદારો ત્રાસી ગયા છે. વાહનના લાઇસન્સની કોઈપણ પ્રક્રિયા વખતે સિસ્ટમમાં ન હોય તો પણ વધારાના પુરાવા અપલોડ કરવા ફરજિયાત કરાયા છે.

ખોટા બિલ બનાવનારની ITC થશે જપ્ત કરી દેવાશે

સપ્લાયરે ટેક્સ ન ભર્યો તો હવે ખરીદદારને સજા નહીં

બોગસ બિલિંગની ચેઇન તોડવા CBICએ ડ્રાફ્ટ સ્ટેન્ડિંગ કમિટીને મોકલ્યો

સુરતઃ GSTમાં ઇનપુટ ટેક્સ ક્રેડિટને લઈને વર્ષોથી ચાલતી મૂંઝવણ દૂર કરવા કેન્દ્ર સરકારે મોટું પગલું ભર્યું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) એ GST કાયદાની કલમ 16માં ફેરફાર કરીને નવી કલમ 16A ઉમેરવાની દરખાસ્ત મૂકી છે. હાલ આ દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ વિચારણા હેઠળ છે.

નવા પ્રસ્તાવ મુજબ, જો કોઈ ખરીદદાર માલ કે સેવા લીધા વિના માત્ર કાગળ પર જ બિલ બનાવવાની રમતમાં જાણી જોઈને સામેલ થયો હશે, તો તેને ITCનો લાભ મળશે નહીં. તપાસમાં આવું સાબિત થશે તો તેની ક્રેડિટ સીધી રદ કરી દેવાશે. આ નિયમથી બોગસ બિલિંગની આખી ચેઇનમાં જોડાયેલા લોકો પર લગામ આવશે.

બીજી તરફ, સાચા ખરીદદારો માટે મોટી રાહતની વાત છે. અત્યાર સુધી સપ્લાયર ખરીદદાર પાસેથી ટેક્સ લઈને સરકારમાં જમા ન કરાવે, તો પણ ખરીદદારની ITC અટકી જતી હતી. ખરીદદારે ટેક્સ ભર્યો હોવા છતાં તેને નુકસાન ભોગવવું પડતું હતું. 57મી GST કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા નિર્ણય બાદ હવે કલમ 16(2)(c)ની કડક જોગવાઈઓ હળવી કરવાની તૈયારી છે. જેણે સાચો વ્યવહાર કર્યો છે અને ટેક્સ ચૂકવ્યો છે, તેને હવે સપ્લાયરની ભૂલની સજા નહીં મળે.

'એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ નિવારણ' વિષય પર સેમિનાર

સુરતઃ એન્ટિબાયોટિક દવાઓનો બેફામ અને બિનજરૂરી ઉપયોગ ભવિષ્યમાં ગંભીર આરોગ્ય સમસ્યા બની શકે છે, ત્યારે એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સના જોખમને અટકાવવા સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે તબીબો અને હેલ્થકેર સ્ટાફને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્લ્ડ એન્ટિમાઇક્રોબિયલ અવેરનેસ વીક-2026ની ઉજવણી અંતર્ગત સરકારી મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં 'એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ નિવારણ' વિષય પર એક દિવસીય વર્કશોપ અને કન્ટિન્યુઇંગ મેડિકલ એજ્યુકેશન (CME) કાર્યક્રમ યોજાયો હતો. મેડિકલ કોલેજના ડીન ડો.ચેતન આચાર્ય અને તબીબી અધિક્ષક ડો.પારુલ વડગામાના માર્ગદર્શન હેઠળ માઇક્રોબાયોલોજી, ફાર્માકોલોજી અને કોમ્યુનિટી મેડિસિન વિભાગ તેમજ સુરત જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલ, ઈનચાર્જ આર.એમ.ઓ. ડો.ભરત પટેલ, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઇકબાલ કડીવાલા, નર્સિંગ સુપરિન્ટેન્ડેન્ટ ભાવિની પટેલ, નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ સ્મિતલ ચૌધરી, ફિઝિયોથેરાપી કોલેજનાં પ્રિન્સિપાલ ડો.બિનિતાબેન સહિત વિવિધ વિભાગોના તબીબો, અનુસ્નાતક વિદ્યાર્થીઓ, ક્લિનિશિયન્સ, નર્સિંગ અને લેબોરેટરી સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

ખાનગી હોસ્પિટલમાં સિઝેરિયન બાદ પ્રસૂતાનું મોતબાળકી વેન્ટિલેટર પર!

પતિએ તબીબો પર બેદરકારીનો ગંભીર આક્ષેપ કર્યો

સુરત: મૂળ ઉત્તરપ્રદેશના ફતેપુરના વતની અને હાલ પીપોદરાની સાઈકૃપા સોસાયટીમાં રહેતા સંતોષભાઈ કેવટની પત્ની સુનિતાને પ્રસૂતિની પીડા ઉપડતાં ગત 19મી નવેમ્બરના રોજ સાંજે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં શુક્રવારે સાંજે આશરે 6 વાગ્યાના અરસામાં સિઝેરિયન ઓપરેશન દ્વારા સુનિતાએ બાળકીને જન્મ આપ્યો હતો.

જોકે, બાળકીના જન્મ બાદ અચાનક સુનિતાની તબિયત લથડી હતી અને તે બેભાન થઈ ગઈ હતી. તેને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં બીજી તરફ નવજાત બાળકીની તબિયત પણ નાજૂક હોવાથી તેને વેન્ટિલેટર પર રાખી સારવાર આપવામાં આવી રહી છે. જોકે મહિલાના પતિએ ખાનગી હોસ્પિટલનાં તબીબો સામે બેદરકારીનો આક્ષેપ કર્યો છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

સીઆઈએન : L65110TN2014PLC097792 રજિસ્ટર્ડ ઓફિસ: - કેઆરએમ ટાવર્સ, ૪મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ- 600031. ફોન : +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે જણાવેલ કરજદારો અને સહ-કરજદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે દર્શાવેલ સુરક્ષિત લોન લીધેલી છે. નીચે દર્શાવેલ કરજદારો અને સહ-કરજદારોની લોન તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત બન્યા હોવાથી આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ તેમની લોનને એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને ચૂકવવાની થતી બાકી રકમ જારી કરાયેલ સંબંધિત નોટિસો મુજબ નીચેના કોષ્ટકમાં વધુ વિગતવાર દર્શાવવામાં આવી છે અને ઉક્ત રકમ પર આગળનું વ્યાજ પણ લાગુ પડશે અને તે તેમની સંબંધિત તારીખોથી કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	કરજદારો અને સહ-કરજદારોના નામ	કલમ 13 (2) નોટિસની તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	27742642	હોમ લોન	1. રામચંદ્ર જેના 2. મામિની જેના	14-ઓક્ટો-2026	રૂ. 6,22,240.65/-
	મિલકતનું સરનામું : સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો, પ્લોટ નં. 106ની જગ્યા જેનું ક્ષેત્રફળ 46.66 ચો. વાર (કેજેપી દુરસ્તી મુજબ બ્લોક નં. 159/106/a પછી ક્ષેત્રફળ 39.05 ચો. મીટર), તેની સાથે રોડ અને સીઓપીમાં વણવહેંચાયેલ જમીનનો હિસ્સો અને સામાન્ય વપરાશના હક્કો જેનું ક્ષેત્રફળ 20.56 ચો. મીટર, "આરાધના ડ્રીમ વિભાગ-1", જે મોજે: જોળવા, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકો: પલસાણા, જિલ્લો: સુરત, રાજ્ય: ગુજરાત-394305 ખાતે આવેલ બ્લોક નં. 159 અને 162, એકત્રીકરણ પછી નવો બ્લોક નં. 159 વાળી જમીન પર વિકસાવવામાં આવેલ છે અને જેની ચતુર્દિશા નીચે મુજબ છે: પૂર્વ: લાગુ સોસાયટીની હદ, પશ્ચિમ : લાગુ સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તર: લાગુ પ્લોટ નં. 105, દક્ષિણ: લાગુ પ્લોટ નં. 107.		
2	40328868	હોમ લોન	1. વિપુલભાઈ કંચનભાઈ ચુનાર 2. સંગીતા વિપુલભાઈ ચુનારા	17-ઓક્ટો-2026	રૂ. 11,92,425.91/-
	મિલકતનું સરનામું : સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો, પ્લોટ નં. 93ની જગ્યા જેનું ક્ષેત્રફળ 76.00 ચો. વ